# ૧૧ આપણાં વાહનો

S2C2I8

## રેલગાડી



આવો છોકરાં ખેલ બતાવો;
છુક..છુક..છુક..છુક.. રેલ ચલાવો...
સીટી વગાડી સીટ પર બેસો;
એકબીજાની પીઠ પર બેસો.
કોઈ આપણી લાઈન ન તોડે.
કોઈ આગળ-પાછળ ન દોડે;
બધા સીધી લાઈનમાં ચાલો;
બંને આંખો મીંચી ચાલો.
બંધ આંખે બધું દેખાય;
આંખ, ખોલતાં ખોવાઈ જાય.
બંધ આંખે જોવાની મજા પડી જાય.

**રેલગાડી રેલગાડી, છુક-છુક, છુક-છુક, છુક-છુક-છુક-છુક**
**વચ્ચે આવતા સ્ટેશન બોલે, રૂક-રૂક, રૂક-રૂક, રૂક-રૂક-રૂક-રૂક**


તપતા બળતા પાટા ઉપર,
અહીંથી ત્યાં, ત્યાંથી ઉપર,
છુક... છુક... છુક... છુક... છુક...
લાઈટ કરતી સરસર સરતી,
અજવાળાંમાં છુક... છુક... કરતી
અંધારામાંય છુક... છુક... કરતી.
બટાટાનું ખેતર ને રણની રેત,
ઘરડો ખેડૂત ને બાજરીનો ખેત;
ખેડૂત-ખેતર લીલાં મેદાન;
મંદિર, મકાન, ચાની દુકાન.

**રેલગાડી રેલગાડી છુક-છુક, છુક-છુક, છુક-છુક-છુક-છુક**
**વચ્ચે આવતા સ્ટેશન બોલે, રૂક-રૂક, રૂક-રૂક, રૂક-રૂક-રૂક-રૂક**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આવું  બધું આવે છે ખૂબ,
કોઈ ન મારો જોરથી બૂમ.
ટેકરા પર ઝંડી, પુલની પગદંડી;
પંખીનાં ટોળાં ને, પાણીની કુંડી.
ઝૂંપડાં ને ઝાડી, ખેતર ને વાડી;
ભાક છુક... ભાક છુક દોડી ગાડી.
કૂવા પાછળ બાગબગીચા,
ધોબી ઘાટ, નાનકડી હાટ
ગામમાં મેળા, લોકોનાં ટોળાં;
તૂટેલી ભીંતો, ઘેટાંનાં ટોળાં.
**રેલગાડી રેલગાડી છુક-છુક, છુક-છુક, છુક-છુક-છુક-છુક**
**વચ્ચે આવતા સ્ટેશન બોલે, રૂક-રૂક, રૂક-રૂક, રૂક-રૂક-રૂક-રૂક**
(હરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયની હિન્દી કવિતા ‘રેલગાડી’ નો ગુજરાતી ભાવાનુવાદ)



## વિચારો અને કહો :

તમને કવિતા કેવી લાગી ?

- તમે ક્યારેય રેલગાડીમાં મુસાફરી કરી છે? ક્યારે?
- શું રેલગાડી ગમે ત્યાં જઈ શકે? કેમ?
- ‘લોખંડના રસ્તાઓ’ માટે કવિતામાં કયો શબ્દ વપરાયો છે ?

## વાંચો અને લખો :

- રેલગાડી કઈ-કઈ જગ્યાએથી પસાર થઈ હતી? યાદી બનાવો.

| | | |
|---|---|---|
| | | |

- તમે કયાં-કયાં વાહનો (vehicles-વ્હિકલ્સ) માં મુસાફરી કરી છે ?

| | | |
|---|---|---|
| | | |





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

E7F9H1

## વાંચો અને સમજો :



વૅકેશનમાં બધાં ફરવા જાય. કોઈ નજીકનાં સ્થળોએ જાય. કોઈ દૂર જાય. કોઈ બસમાં, રેલગાડીમાં કે વિમાનમાં જાય. બીજી કેટલી રીતે મુસાફરી થઈ શકે છે. અહીં, કેટલાંક છોકરાંઓએ તેમની રજા અંગે વાત કરી છે.

હું મારા કાકાને ત્યાં દિલ્લી ગઈ હતી. પહેલાં અમે રેલવે સ્ટેશન જવા માટે  નો ઉપયોગ કર્યો હતો. આ વખતે અમને ખૂબ જ મજા આવી. અમે  માં ગયાં, જે ભૂગર્ભના રસ્તા પર ચાલતી હતી. અમને એ પણ ખબર ન હતી કે  અમારી ઉપરના રસ્તા ઉપર ચાલતી હતી.



મારી ફોઈનાં લગ્ન હતાં. હું ઘણાં સગાં-સંબંધીઓને મળ્યો. ખાવા-પીવા અને રમવા માટે એ ખૂબ જ સરસ સમય હતો. મોટાભાઈ અમેરિકાથી  માં આવ્યા. તેઓ કેટલા દૂરથી આવ્યા ! અમેરિકાથી આવ્યા છતાં અહીં એક દિવસમાં પહોંચી ગયા. ફોઈ જ્યારે  માં જતાં હતાં, ત્યારે ખૂબ જ સુંદર લાગતાં હતાં !





હું મારાં નાનીમાને ત્યાં કેરલ ગઈ હતી. તેઓ જ્યાં રહે છે ત્યાં બધે પાણી જ જોવા મળે છે. અમે સ્ટેશનથી તેઓના ઘર સુધી પહોંચવા  કે  લઈ શકતા હતા. તેને બદલે, અમે તેઓના ઘરે જવા માટે  લીધી. આ થોડું અનોખું લાગ્યું, પરંતુ ખૂબ જ મજા આવી.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



અમે રજાઓમાં શિમલા ગયાં.  ત્યાંના વાંકાચૂંકા રસ્તાથી પર્વતો ઉપર જવા લાગી. જ્યારે અમે નીચે જોતા ત્યારે બહુ ડર લાગતો. અમારે શિમલામાં ઘણું ચાલવાનું હતું. મારાં દાદી ખૂબ જ જલદી થાકી જતાં હતાં. અમે દાદીને  પર સવારી કરાવી. હું ક્યારેય થાક્યો નહિ. અહીં ચાલવાનું મને ગમ્યું.



મારાં માસી અને હું એક જ શહેરમાં રહીએ છીએ. અમે ખૂબ જ નજીક રહીએ છીએ. જ્યારે પણ મારે એમના ઘરે જવું હોય. હું ઝડપથી મારી  લઈને ત્યાં પહોંચી જાઉં છું. મા અને છોટુએ નાનીના ઘરે પહોંચવા  લેવી પડે છે.



હું મારા મામાના ગામડે ગયો. રેલવે સ્ટેશનથી એમના ઘર તરફ કોઈ બસ જતી નથી. તેથી અમે  માં ગયા. ગામડે જવાના રસ્તે અમે લીલાંછમ ખેતર બાજુથી પસાર થયા. મને બળદોનાં ગળામાં બાંધેલી ઘંટડીઓનો અવાજ ખૂબ જ ગમ્યો.

આપણી આસપાસનાં પ્રાણીઓની સાર-સંભાળ રાખવી જોઈએ. આ વિશે ચર્ચા જરૂરી છે.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❋ ક્યાં ક્યાં વાહનોની વાત લખી છે?

## વિચારો અને લખો :

❋ તમારા ઘરેથી કેવી રીતે જશો? ☐ માં લખો.








બાળકોએ તેમના જીવનમાં, ફિલ્મોમાં અને પુસ્તકો વગેરેમાં ઘણાં બધાં વાહનો જોયાં હશે. આ અનુભવો ચર્ચામાં મદદ કરશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## યાદ કરો અને લખો :

ચિત્રની સામે વાહનનો ઉપયોગ લખો. જગ્યામાં બીજા વાહનનું ચિત્ર દોરો. વાહન કયાં કામ માટે ઉપયોગમાં લેવાય છે તે અંગે નોંધ કરો.

| વાહન | તેનો ઉપયોગ |
| --- | --- |
|  | |
|  | |
|  | |
|  | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| વાહન | તેનો ઉપયોગ |
|---|---|
|  | |
|  | |
| | |
| | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાહનોનાં નામ આપેલાં છે. તેની એકબાજુ વાહનનાં પૈડાં (tyres-ટાયર્સ) ની સંખ્યા લખો. બાજુના ખાનામાં તેના ઉપયોગ અંગે લખો.

| | | |
|---|---|---|
| બસ | | ❋ મુસાફરી કરવા.<br>❋ પ્રવાસ જવા માટે.<br>❋ જાન લઈ જવા માટે. |
| બળદગાડું | બે પૈડાં | |
| રિક્ષા | | |
| મોટરગાડી | | |
| વિમાન | | |
| સાઈકલ | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## વિચારો અને કહો :

- અત્યારે કેવાં વાહનોનો ઉપયોગ થાય છે ?
- વીસ વર્ષ પહેલાં કેવાં વાહનો ઉપયોગમાં લેવાતાં હતાં ?
- વાહનો ન હતાં ત્યારે લોકો કઈ રીતે મુસાફરી કરતા હતાં ?



## વિચારો અને લખો :

| તમે કોને પૂછ્યું ? | તેઓનો જવાબ |
|---|---|
| મમ્મી | |
| મિત્ર | |
| કાકા | |
| શિક્ષક | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |


વડીલોની મદદથી મેળવેલી માહિતી, ચર્ચાના આધારે બાળકો વાહનોમાં સમયે-સમયે આવેલાં બદલાવને સમજી શકે છે. તેના માટે જ, પુસ્તકમાં, બાળકોને તેમના દાદા-દાદીને પૂછવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આથી, તેઓ સમય સાથે વાહનોના ઉપયોગમાં થયેલા બદલાવને સમજી શકે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારી પોતાની રેલગાડી

ખાલી દીવાસળીની પેટીઓનો ઉપયોગ કરો. ચિત્રની મદદથી તમારી રમકડાંની રેલગાડી બનાવો.



જો કોઈ 'છુક-છુક' અવાજ કરે તો તમે તરત જ કહી શકો કે, તે 'રેલગાડી' માટેનો અવાજ છે.

નીચે આપેલા અવાજો પરથી તમે વાહનોનાં નામ કહી શકો ? એક ઉદાહરણ આપવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| છુક-છુક | - રેલગાડી | પીપ-પીપ | - |
| પોમ-પોમ | - | ટપ-ટપ | - |
| ઘરર્-ઘરર્ | - | ટ્રિન-ટ્રિન | - |

- આ વિવિધ વાહનોના અવાજ છે. જો બધાં વાહનો એકસાથે રસ્તા પર દોડતાં હોય તો કેવો અલગ-અલગ અવાજ થાય ? શું ત્યાં ખૂબ જ અવાજ નહિ હોય ?

## વિચારો અને કહો :

- તમે ક્યાં વધારે અવાજ સાંભળ્યો છે ?
- શું તમને વધારે અવાજ પસંદ છે ? કેમ ?

રમકડાંની ટ્રેન બનાવવા દીવાસળીની પેટીના બદલે ટિનના ડબા ઉપયોગમાં લઈ શકાય છે. પૈડાં બનાવવા બોટલનાં ઢાંકણાં અથવા બટનોનો ઉપયોગ કરી શકાય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




❇ ચિત્રમાં શું જોઈ શકાય છે ?

❇ તમે ક્યાં-ક્યાં વાહનો જોઈ શકો છો ?


❇ આ બધાં વાહનો કેવાં કામ માટે વપરાય છે ?

ચિત્રની મદદથી તત્કાલીન સેવા (emergency services-ઈમર્જન્સી સર્વિસ) માટે ચર્ચાની પહેલ કરી શકાય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નીચે આપેલા ચિત્રમાં બૉક્સ જુઓ. તેની નીચે આપેલી જગ્યામાં તેમને સાચા ક્રમમાં દોરો અને રંગ પૂરો. તમને શું જોવા મળ્યું ? તેનું નામ લખો.




જૂથમાં અથવા એકલા આ પ્રકારની પ્રવૃત્તિને તક આપો. આ ચિત્ર દોરાવવા શિક્ષકે માર્ગદર્શન આપવું. જરૂર જણાય તો ચિત્ર દોરવા સીધી મદદ કે સહયોગ કરવાનું રાખવું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in